BUSINESS મિત્ર Plus

# ડોલરમાં કમજોરી અને રૂપિયામાં કડાકાથી સોનાચાંદીમાં સ્ફોટક તેજી

ભારત-અમેરિકા વચ્ચે વેપારી તનાવ વધતા તેમજ યુક્રેન-રશિયા, ગાઝા વોર વકરતા, અમેરિકી પ્રમુખ અને ફેડ વચ્ચે તનાવ વધતા અને ઈન્ડોનેશિયામાં તોફાનો, થાઈલેન્ડમાં રાજકીય અસ્થિરતા અને ચીન ખાતે તીનશીઆનમાં શાંગહાઇ કોઓપરેશન ઓર્ગેનાઝેશનની બેઠકમાં અમેરિકા સામે કડક વલણ જોવા મળે એવી અટકળો વચ્ચે સોનાચાંદીમાં તોફાની તેજી આવી છે. અમેરિકી ટેક શેરો, બીટકોઈન, ક્રિપ્ટો શેરોમાં કડાકો જોવાયો છે. અમેરિકાએ ટેરિફ મામલે ભારત પર ટાર્ગેટેટ એટેક વધાર્યા છે એટલે રૂપિયો અને શેરબજારમાં સેન્ટિમેન્ટ ખરડાયું છે. શુક્રવારે જીડીપીના ડેટા પહેલા કવાર્ટરમાં ૭.૮ ટકા જેવો સોલિડ ગ્રોથ બતાવતા હોવા છતા હાલ પુરતા એ ડેટા ડિસ્કાઉન્ટ થઇ ગયા છે. સ્થાનિક બજારમાં રૂપિયો ૮૮.૩૦ની સર્વોચ્ચ નીચી સપાટીઓ જતો રહ્યો છે. રૂપિયો તૂટતા અને વિદેશમાં પણ સોનાચાંદીમાં તેજી આવતા ઘરઆંગણે સોનું ૧૦૬૦૦૦ અને ચાંદી ૧૨૦૦૦૦ને વટાવી ગયા છે. અમેરિકામાં સપ્ટે ચાંદી ૪૦.૨૦ ડોલરની સપાટીએ,૧૪ વરસની ઉંચી સપાટીએ પહોંચી છે. સોનું ૩૪૫૦ ડોલર, ઓલટાઈમ હાઈથી ૫૦ ડોલર દૂર છે. સોનાચાંદીની હાલની તેજીમાં સેન્ટરલ બેન્કો તેમજ ફેમીલી ઓફિસ, હેજ ફંડ, ઈટીએફ બાયર જેવા સંસ્થાકીય રોકાણકારોની લેવાલી વધતી દેખાય છે. ચીન-રશિયાની બેન્કો તો લાંબા સમયથી સોનું ખરીદી રહી છે પણ હમણા હમણા રશિયા અને સાઉદી અરેબિયા સોનાની સાથે ચાંદી પણ ખરીદવાનું શરુ કર્યું હોવાના સમાચારો મળે છે. ટ્રમ્પે ફેડની સ્વતંત્રતા છીનવવા મોરચો માંડયો છે. વ્યાજદરો ઘટાડવા ફેડ પર યેનકેન પ્રકારેણ દબાણ વધાર્યું છે. ફેડ નાણાંનીતિને કબજે કરે તો ડોલર પરનો ભરોસો ઉઠી જાય ૨૯ ટ્રિલિયન ડોલરના ટ્રેઝરી માર્કેટ પર સરકારી દખલ આવે તો ડમ્પ ડોલરનો ટ્રેન્ડ વેગ પકડશે.

કરન્સી બજારોના સંદર્ભમાં જોઈએ તો ડોલર સામે લગભગ તમામ કરન્સીઓમાં શાનદાર તેજી છે. બ્રિકસ કરન્સીઓ તો વન વે તેજીમાં જઇ રહી છે. બ્રાઝિલ રિયાલ ૬.૩૦થી વધીને ૫.૪૦, રશિયા રુબલ ૧૧૫થી વધીને ૭૫, ચીન યુઆન ૭.૩૧થી વધીને ૭.૧૦, સાઉથ આફ્રિકી રેન્ડ ૨૦થી સુધરીને ૧૭.૬૫ થયા છે. ૧૦-૨૫ ટકા સુધીની તેજી જોવાઇ છે. બ્રિકસ દેશોમાં રુપિયો એક માત્ર આઉટલાયર છે અને નબળો પડયો છે. રૂપિયામાં નરમાઇ વિદેશી સંસ્થાઓનું ટાર્ગેટેડ હેમરીંગ, સેન્ટિમેન્ટ પેનિક દેખાય છે. ભારત પાસે અંદાજે ૬૮૦ અબજ ડોલર ફોરેકસ છે. જીડીપી ગ્રોથ ઘણે સારો છે. અને ઘરેલુ વપરાશ આધારીત અર્થતંત્ર છે. સારુ ચોમાસુ, જીએસટી કટ, ફેડના



રેટકટ જેવા કારણો ઉભા છે એ જોતા આગામી દિવસોમાં વેપાર સમજૂતી કે યુક્રેન યુધ્ધ વિરામ જેવા કોઇ પોઝિટિવ કારણો આવે તો ઈમર્જિંગ બજારોમાં ભારત-જાપાન-કોરિયામાં શાનદાર ઉછાળો આવી શકે છે.

વૈશ્વિક બજારોમાં પંડિતોની નજર અમેરિકામાં ફેડ અને વોશિંગ્ટન વહીવટીતંત્ર વચ્ચેની લડાઈ પર છે. ફેડ ચેરમેન પોવેલ વ્યાજદર ઘટાડતા નથી

**શાંગહાઇ સમિટ, ફેડ-ટ્રમ્પ વચ્ચેના મતભેદોમાં કાનૂની વળાંક, રૂપિયો તૂટતા અને વિદેશમાં પણ સોનાચાંદીમાં તેજી આવતા ઘરઆંગણે સોનું ૧૦૬૦૦૦ અને ચાંદી ૧૨૦૦૦૦ને વટાવી ગયા છે**

એટલે ટ્રમ્પ પોવેલને વ્યાજદર ઘટાડવા સતત દબાવ બનાવતા રહે છે. ફેડના બિલ્ડિંગના રંગરોગાનમાં ખોટા ખર્ચ કર્યા,પડે એવી વાતો ચગાવાઈ એમાં કાઈ વળ્યું નહી. ફેડના એક ગવર્નર એડ્રીઆનાએ અચાનક રાજીનામું આપ્યું, હાલમાં ફેડના ગવર્નર લિઝા કુકને મોરગેજ લોનમાં તથાકથિત ગેરરીતી ની મામલે ટ્રુથ સોસયલના માધ્યમથી ફાયર કરાયા છે જેની સામે લીધા કુકે ટ્રમ્પ સામે કેસ કર્યો છે. અદાલતમાં આદેશ પડકાર્યો છે. જો કુક હટી જાય તો સાત સભ્યોના ફેડ બોર્ડમાં ૪ સભ્યો ટ્રમપ નોમીનીટેડ હોય, મોનીટરી પોલીસીમાં ટ્રમ્પનું ધાર્યુ થાય. જો આમ થાય તો ડિ-ડોલરાઈજેશનનો ઝૂકાવ વધે. યુરો, પાઉન્ડ, સ્વિસફ્રાન્ક, ઈમર્જિંગ એશિયા, નોર્વે, સ્વિડન જેવા

**બિરેન વકીલ**

ચલણો ડોલર સામે સતત મજબૂત થઇ રહયા છે. લાંબા ગાળે ડોલરનો ટ્રેન્ડ મંદી બતાવે છે. વરસના આરંભે ડોલર ઈન્ડેકસ ૧૦૭ હતો તે હાલ ૯૭ છે અને કદાચ આગામી ૪-૬ મહીનામાં ૯૦ તોડી શકે. અમેરિકામાં બીગ ટેક શેરો, એઆઇ અને ક્રિપ્ટો બબલ કેટેગરીમાં છે.

ગત શુક્રવારે કોર પીસીઈ-ફુગાવાનો મહત્વનો આંકડો ૨.૯ ટકા હતો જે ફેડના બે ટકા લક્ષાંક કરતા ઉંચો છે. શુક્રવારે જોબ જેટા આવશે એ જો મજબૂત આવે તો ૧૭ સપ્ટેમ્બરની ફેડની બેઠકમાં રેટકટ મામલે પોવેલની મુંઝવણ વધે.

દરમિયાન અમેરિકાની ટેરિફ વોરમાં ટ્વિસ્ટ આવ્યા કરે છે. ફેડરલ અપિલ કોર્ટે ટેરિફને અવૈધ ગણાવ્યા છે. લિઝા કુક સામેનો ચૂકાદો મંગળવાર સુધી અનામત રાખ્યો છે. આ લખાય છે ત્યારે ચીનમાં શાંગહાઈ સમિટ ચાલુ છે, ઈન્ડેનેશિયામાં તોફાનો વધ્યા છે. ફ્રાન્સમાં પણ દેખાવો થઇ રહ્યા છે. બોન્ડ બજારોમાં જંક ડેબ્ટ અને પ્રાઈમ ડેટ વચ્ચે સ્પ્રેડ બહુ ટાઈટ છે. અત્યોકતિ અલંકારમાં કહીએ તો સોનું-પિતળ-ચાંદી એક ભાવ. એઆઇ હાઈપ જામ્યો છે. અને એ ઓછુ હોય એમ લાબુબુ નામની એક ઢિંગલીએ-ટોય બજારમાં લાબુબુ મેનીયા જામ્યો છે. આવી મદહોશીમાં ડિપર કરેકશન ન ત્રાટકે તો જ નવાઈ.

કોમોડિટીઝની વાત કરીએ તો વૈશ્વિક ટેરિફવોરમાં સોયા-કપાસ-કઠોળ-તેલીંબીયા પકવતા ખેડુતોની મુસિબત વધી છે. અમેરિકામાં સોયા-ઘઉ મકાઇ ઉત્પાદકો પરેશાન છે. ચીને અમેરીકાને બદલે બ્રાઝિલ-આર્જેન્ટિનાથી માલ લેવાનું ચાલુ કર્યું છે. સ્થાનિક બજારમાં કપાસમાં ખૂલતી સિઝને જ સરકારે આયાત જકાત શૂન્ય કરી નાખી છે એનાથી ખેડુતો તેમજ જિનિંગ ઉદ્યોગની મુંઝવણ વધી છે. જીએસટી રાહતો વહેલી તકે આવે તો દિવાળી સુધરે!

# થોડા દિવસોમાં બજારની દિશા સ્પષ્ટ થઈ શકે: ત્યાં સુધી મર્યાદિત રિસ્કના ખયાલ સાથે કામકાજ કરો

**ચાર્ટ એડવાઈઝ**

■ રાજા વેંકટરામન

ભારતીય શેરબજારો સપ્તાહના છેલ્લા દિવસે તીવ્ર ઘટાડા સાથે બંધ થયા, જેમાં બંને મુખ્ય સૂચકાંકોએ દલાલ સ્ટ્રીટ પર તેમની ઘટાડાનો સિલસિલો લંબાવ્યો. નિફ્ટી ઇન્ડેક્સ 74 પોઇન્ટ ઘટીને 24,426.85 પર બંધ થયો, જે ત્રણ અઠવાડિયાનું સૌથી નીચું સ્તર છે, જ્યારે સેન્સેક્સ 270.92 પોઇન્ટ ઘટીને 0.34% ઘટીને 80,000 ના સ્તરથી નીચે આવીને 79,809.65 પર બંધ થયો. નાણાકીય હેવીવેઇટ્સમાં ઘટાડા અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના કારણે આ સતત ત્રીજા સત્રમાં નુકસાન છે, જેના કારણે નિફ્ટી નીચે આવી ગયો. નિફ્ટી બેંક 165 પોઇન્ટ ઘટીને 53,656 પર પહોંચી ગઈ અને મિડકેપ ઇન્ડેક્સ 320 પોઇન્ટ ઘટીને 55,727 પર બંધ થયો.

સેક્ટરલ ચાલમાં, ઓટો શેરોમાં માસિક વેચાણ આંકડાઓ પહેલાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું, જેમાં કેટલાક શેર 3% સુધી ઘટ્યા. M&M ટોચના નિફ્ટી લુઝર હતા, જે 3% ઘટ્યા. GST ઘટાડાની આશાએ FMCG શેરોમાં વધારો થયો - FMCG ઇન્ડેક્સ 1% વધ્યો. દરમિયાન, મૂડી બજારના શેરોમાં દબાણ ચાલુ રહ્યું.

ટ્રેન્ડ અસ્થિર રહ્યો પરંતુ તેજીનો પ્રવાહ મંદીના આક્રમણથી બચી ગયો અને 24500 ના મુખ્ય સ્તરોથી ઉપર રહેવાનું ચાલુ રાખ્યું જ્યારે આપણે ઓગસ્ટ માસિક એકસપાઇરી સપ્તાહમાં સપ્તાહનો અંત અસ્થિર નોંધ પર કર્યો. જોકે, રિકવરી વલણોના સ્પષ્ટ સંકેતોના અભાવે દરેકને સપ્ટેમ્બરમાં તેજીના વલણોના ઉદભવની શંકા કરી છે સિવાય કે આપણે સ્પષ્ટ પ્રોત્સાહક ટ્રિગર જોઈએ. શું નિફ્ટી દબાણ હેઠળ રહેશે અને વર્તમાન શ્રેણીમાં મહત્વપૂર્ણ સપોર્ટને તોડી નાખશે?

એક ઘટનાપૂર્ણ મહિનો ચાલી રહ્યો છે અને આ આગામી થોડા દિવસોમાં કામકાજની દિશા નક્કી કરી શકે છે. જ્યારે સરકાર અર્થવ્યવસ્થાને જમ્પસ્ટાર્ટ કરવા માટે પગલાં લઈ રહી છે ત્યારે કેટલાક આશાવાદને ફરીથી જાગૃત કરવા માટે અગાઉની ઘોષણાઓને અનુરૂપ પગલાંનો બીજો રાઉન્ડ આગામી થોડા દિવસોમાં અપેક્ષિત છે.

ડેઇલી ચાર્ટને જોતા અમે અવલોકન કરીએ છીએ કે ઓગસ્ટની શરૂઆતમાં જોવા મળેલી રેલી ક્લાઉડ રેઝિસ્ટન્સમાં અટકી ગઈ છે અને પરિણામે ઘટાડો આપણને બજારમાં એક પડકારજનક તબક્કો આપે છે. જ્યારે આપણે સેન્ટિમેન્ટમાં સુધારો થવાની રાહ જોતા હોઈએ છીએ ત્યારે આપણે પસંદગીયુક્ત બનવાની અને મર્યાદિત રિસ્ક ટુ રિવોર્ડના ખયાલ સાથે કામકાજ કરવાની જરૂર છે.




# જાપાન બાદ ચીન સાથેની ડીલ, અમેરિકન કોર્ટનો ટેરિફ મામલે ચુકાદો શેરબજારને ઘમરોળશે

યુક્રેન મામલે અમેરિકા અને યુરોપના દેશોની મીટીંગ છતાં રશિયા ટસનું મસ નહીં થતા આ દેશોની મીટીંગ એળે ગઇ છે. રશિયાએ યુક્રેન પર હુમલા વધાર્યા છે. બીજી તરફ, અમેરિકાએ ટેરિફ લાગુ કર્યા બાદ વિશ્વથી એકલું પડી રહ્યું છે, જેમાં ભારતે ચીન સાથે હાથ મિલાવવાની દિશામાં આગળ વધી રહી છે, આમ, ભૌગોલિક અને રાજકીય સ્તર પર નવા સમીકરણો સર્જાઇ રહ્યા છે. રશિયાના ક્રુડના કારણે ભારત અમેરિકાના વધારાનો ટેરિફનો માર સહન કરવા તૈયાર થઇ ગયો છે અને હવે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપીંગ સાથે હાથ મિલાવી રહ્યા છે. આવનારા દિવસોમાં રશિયા, ચીન અને ભારતની ત્રિપુટી નવા રંગો લાવશે તેવું માવવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, અમેરિકાની કોર્ટ દ્વારા ટેરિફને ગેરકાયદેસર ગણાવીને ટ્રમ્પનો હાથ આમળવામાં આવી રહ્યો છે. ટ્રમ્પના નિર્ણયને ખોટો ઠેરવવાના પ્રયાસ કરાઇ રહ્યા છે.

ભારત પર વધારાના ટેરિફની અસર ભારતની સાથે સાથે અમેરિકનોનો સહન કરવી પડી શકે




છે અને તેના લીધે મોંઘવારી દર ઉંચે જશે. જેથી અમેરિકનોનું બજેટ

**માર્કેટ વોચ**

ડામાડોળ થઇ શકે છે.

અમેરિકાની શાખ ખરડાતા અમેરિકી સરકારમાં જ ટેરિફ મામલે ઉહાપોહ થવા લાગ્યો છે. અમેરિકાને હંફાવવા હવે ભારત, ચીન, રશિયા એક થઇ રહ્યા છે. ચીનને પછાડવાના ટ્રમ્પના પ્રયાસોમાં ટ્રમ્પ મિત્ર દેશો

**રશિયા, ચીન અને ભારતની ત્રિપુટી અમેરિકાને વિખૂટુ પાડવામાં સફળ થશે, હજુય સ્થિતિ સુધરી નથી, પણ ઉછાળો આવે તો નફો બુક કરતા રહેવુ : નિષ્ણાતોનો મત**

સાથે જ દુશ્મની કરી બેસતા અત્યારે દુશ્મન કા દુશ્મન દોસ્તની જેમ ભારત-ચીન વેપાર મામલે ફરી નજીક આવવાના પ્રયાસો કરી રહ્યા છે. આ પ્રયાસોમાં અત્યારે એકમાત્ર પાકિસ્તાનનો ઝુકાવ અમેરિકા તરફરહ્યો છે, પરંતુ પાકિસ્તાન પણ ચીનને અવગણી શકે એમ નથી, જેથી ગમે તે ઘડીએ પાકિસ્તાન પણ ચીનની વાત માનીને અમેરિકાને પડતુ મુકે તો પણ નવાઇ ન પામશો. વૈશ્વિક બદલાતા રજાકીય સમીકરણો અને વિશ્વને બે ભાગમાં વહેંચાઇ રહ્યું હિ શનિવારથી શરૂ થયેલી પ્રધાનમંત્રી મોદીની ચીન મુલાકાત અને એસઓએસીની મીટીંગની સાથે ચીનના પ્રમુખ જિનપિંગ તેમ જ રશિયાના પ્રમુખ પુટિન સાથે મુલાકાત બાદ પરિસ્થિતિ કેવો વળાંક લે છે એ મહત્વનું બની રહેશે.

અમેરિકાના ભારત સામે ટેરિફ મામલે આકરા વલણ અ ભારત હવે ચીનની નજીક જતું હોઇ અને રશિયા સાથે સંબંધોને વધુ ગાઢ બનાવવાના પુર્ણ પ્રયાસો કરી રહ્યું હોવાથી ટ્રમ્પ વધુ ગુસ્સે ભરાય એવી પુરી શકયતા છે. જે શક્ય છે કે ભારતને અણગમતા કેટલાક વધુ આકરા પગલા જાહેર કરી શકે છે. જોકે, એવી પણ શક્યતા છે કે, 25 ટકા વધારાની ટેરિફ પાછી ખેંચશે.

નવા રાજકીય સમીકરણો આકાર લઇ રહ્યા છે, તેને જોતાં ભારતીય શેરબજારમાં એક ઉછાળો આવી શકે તેમ છે. આ ઉછાળો કેટલો રહેશે તે કહેવું સંભવ નથી. આ સંજોગોમાં જોઇએ અને નિષ્ણાતોનું માનીએ તો આ ઉછાળો લાંબો ચાલે તેમ નથી, કેમ કે હજુય વૈશ્વિક સમીકરણો ભારતીય શેરબજાર માટે સકારાત્મક નથી, જેથી દરેક ઉછાળે નફો બુક કરવો હિતાવહ રહેશે. નિફ્ટી 24222થી 24850 પોઇન્ટની વચ્ચે અથડાતો જોવા મળી શકે છે. જ્યારે સેન્સેક્સ 79000થી 81000 પોઇન્ટની વચ્ચે જોવા મળી શકે છે.

આગામી સપ્તાહની વાત કરીએ તો વૈશ્વિક સ્તરે અનેક ડેવલપમેન્ટ આવી રહ્યા છે. જાપાનની સફળ મુલાકાત બાદ ચીન સાથે મોદી મુલાકાત કરી રહ્યા છે. આ ઉપરાંત, રશિયાના પુટિન પણ ભારત આવનારા છે, આ તમામ બાબતો પોઝિટિવ ગણી શકાય, પણ બજાર કેવી રીતે લે છે તે જોવાનું રહેશે.

**નીઓટ્રેડર**

NeoTrader

**ફાયનાન્સની દુનિયામાં રહો આગળ!**

જો તમે શેરબજારમાં રિયલ ટાઈમ આંતરસૂઝ સાથે ટ્રેડિંગ કરવા માંગતા હોવ તો જોડાઓ નિઓટ્રેડર દ્વારા સંચાલિત ટેલિગ્રામ એડવાઇઝરી, CFO ગેઇન્સમાં. તો આ એડવાઇઝરીનો વિશેષ એક્સેસ મેળવવા ફક્ત નીચેની લિંક પર જાઓ અથવા અહીં આપેલો QR કોડ સ્કેન કરી તમારી વિગતો ભરો...

https://bit.ly/3Z9gg5v

## BLUESTARCO : cmp 1891.10




આ કાઉન્ટરમાં કેટલાક પ્રોફિટ બુકિંગ પછી GST રેટ રિવિઝનએ કિંમતોને કેટલીક બુલિશ સિગ્નેચર વિકસાવવામાં મદદ કરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં, આ શેરે મધ્યરેખામાંથી પણ પુનરુત્થાન જોયું છે જે તેજીના સેન્ટિમેન્ટને વેગ આપે છે. જેમ કે કોઈ ચાર્ટ પર અવલોકન કરી શકે છે કે ત્યાં પિચફોર્કની મધ્ય રેખા પર સતત સ્પોર્ટ લેવામાં આવ્યો છે જે દર્શાવે છે કે આ શેરે ઊંચો જવા માટે રસ દર્શાવ્યો છે. 2520 તરફના વધારા માટે 2430 ની ઉપર અથવા 2380 સુધીના ઘટાડે 2360 પર સ્ટોપ રાખી ખરીદી કરવાનું વિચારી શકાય.

## DMART : cmp 4712.30




FMCG શેરોમાં, DMart એ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે અને ઉપરની ગતિ જાળવી રાખી છે. તાજેતરના રાઇઝ પછી, જોઈ શકીએ છીએ કે સ્ટોક કેવી રીતે ઘટાડાને રોકવામાં સફળ થયો છે અને હવે પોર્ટ પરથી રિવાઇવલ દર્શાવે છે. શુક્રવારે એક સરસ બુલિશ કેન્ડલ દેખાઈ છે અને કેટલાક સતત ખરીદીના રસને આકર્ષવા માટે કેટલાક અપસાઇડ માટે સેટ થઈ રહી છે. નજીકના ગાળામાં 4810 સુધી વધારા માટે 4625 ની નીચે સ્ટોપ સાથે હાલના લેવલે અને 4650 ની નજીકના ડીપ્સ પર ખરીદો.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્કલેમર:** આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજાગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઇ-મેઇલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**

# અમેરિકાના 50 ટકા ટેરિફ સામે રશિયાના ક્રુડ ઓઈલની આયાતનો નિર્ણય ભારત માટે ખરેખર લાભદાયી સાબિત થશે?

તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર વધારાનો 25 ટકા ટેરિફ લાગુ કરી દીધો છે, જેની પાછળનું કારણ જોઈએ તો રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું છે. હવે, સવાલ એ ઉભો થાય છે કે, અમેરિકાએ ભારત પર કુલ 50 ટકા ટેરિફ લાગુ કર્યો છે, જેની સામે રશિયાથી ક્રુડ ઓઇલ ખરીદવામાં આવે છે, તેનાથી વધુ લાભ થશે. અમેરિકા ભલે દાવો કરે છે કે, ભારત રશિયા પાસેથી સસ્તા ક્રુડની ખરીદી કરીને જંગી નફો કર્યો છે, પણ વાસ્તવિક ચિત્ર કંઈક અલગ જ દેખાઈ રહ્યું છે. બ્રોકરેજ કંપની સીએલએસએના રિપોર્ટ મુજબ રશિયા પાસેથી સસ્તા ક્રૂડ ઓઈલની ખરીદી કરીને ભારતને વાર્ષિક માત્ર 2.5 અબજ ડોલરનો ચોખ્ખો નફો થયો છે, જે ભારતના જીડીપીના માત્ર 0.06 ટકા છે. અગાઉ સસ્તા ક્રૂડની ખરીદીથી ભારતને 10 થી 25 અબજ ડોલરનો નફો થયો હોવાની અટકળો હતી.

આ સંદર્ભમાં વિવિધ અટકળો ચાલી રહી છે. જેમાં નિષ્ણાતોનું માનવું છે કે, રશિયાના ક્રુડની ખરીદી સસ્તી હોવાના લાભ સામે અમેરિકાના ટેરિફનું વધુ નુકશાન થઈ રહ્યું છે, ત્યારે આ સોદો

**માજી આરબીઆઇ ગવર્નર રઘુરામ રાજનના મતે ભારતે રશિયન તેલ ખરીદવા પર પુનર્વિચાર કરવો જોઈએ, પણ નિષ્ણાતો કહે છે કે આ સોદો ભારતને લાભદાયી રહેશે**

ભારત માટે લાભદાયી સાબિત થશે, તે અંગે ભારેત પુનઃ વિચાર કરવો જોઈએ.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) ના પૂર્વ ગવર્નર અને અર્થશાસ્ત્રી રઘુરામ રાજને એક ઈન્ટરવ્યુમાં કહ્યુ કે આપણે પૂછવાની જરૂર છે કે રશિયા પાસેથી તેલ ખરીદવાથી કોને ફાયદો થઈ રહ્યો છે અને કોને નુકશાન થઈ રહ્યુ છે.

રિફાઈનરી કંપનીઓ વધુ નફો કરી રહી છે, પરંતુ નિકાસકારોને ટેરિફ દ્વારા ચૂકવણી કરવી પડે છે. ખરેખર, રશિયા પાસેથી ખરીદીને કારણે ટ્રમ્પે ભારત પર 50 ટકા ટેરિફ લગાવ્યો છે. રાજને કહ્યું છે કે ટ્રમ્પનો આ નિર્ણય ભારત માટે વેક-અપ કોલ છે.

બીજું એવું છે કે, રશિયાના સસ્તા ક્રુડથી જે લાભ થઈ રહ્યો છે, તે વધુને વધુ જીડીપીના 0.06 ટકા જેટલો જ છે.

**ઓફ-બીટ**

જેની સામે અમેરિકાના ટેરિફથી વધુ ફટકો પડી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી ભારતને રશિયા પાસેથી 5થી 30 ડોલર પ્રતિ બેરલના ડિસ્કાઉન્ટમાં ક્રૂડ ઓઈલ મળી રહ્યું છે. મની લાઈફના એક રિપોર્ટ અનુસાર આ ડિસ્કાઉન્ટનો 65 ટકા ફાયદો રિલાયન્સ અને નાયરા જેવી ખાનગી કંપનીઓ ઉપરાંત ઈન્ડિયન ઓઈલ અને ભારત પેટ્રોલિયમ જેવી સરકારી




કંપનીઓને આપવામાં આવ્યો હતો. સાથે જ સરકારને 35 ટકા ફાયદો પણ મળ્યો. સામાન્ય માણસને કશું મળ્યું નહીં.

કાગળ પર ઓઈલના ભાવ ડિ-રેગ્યુલેટેડ હોવા છતાં રિટેલ કિંમતો સરકાર અને ઓઈલ કંપનીઓના નિયંત્રણમાં છે. સરકાર ટેક્સમાંથી સ્થિર આવક ઈચ્છે છે અને ઓઈલ કંપનીઓ જૂની એલપીજી સબસિડીના નુકસાનને ટાંકીને તેમના માર્જિનને યોગ્ય ઠેરવે છે. પરિણામ એ આવ્યું છે કે સસ્તા તેલનો લાભ સામાન્ય લોકોના ખિસ્સાને નહીં, પણ કંપનીઓ અને સરકારની તિજોરીને જઈ રહ્યો છે.

પેટ્રોલ અને ડીઝલની કિંમતનો મોટો હિસ્સો ટેક્સમાં જાય છે. ઈન્ડિયન ઓઈલના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર દિલ્હીમાં પેટ્રોલ પર 21.90 રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ પર 17.80 રૂપિયા પ્રતિ લિટર એક્સાઈઝ ડ્યુટી લગાવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારો વેલ્યુ એડેડ ટેક્સ વસૂલ કરે છે.